પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૪૩ | ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૨, શુક્રવાર; મહા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મહાયુદ્ધના મંડાણ : રશિયાનો યુક્રેન પર હુમલો

**યુક્રેનના ૧૧ શહેરો પર રશિયાનો હુમલો, ૩૦૦ લોકો મર્યાનો દાવો : રશિયાના રાષ્ટ્રપતિ વાલ્દીમીર પુતીને યુક્રેન સાથે યુદ્ધની જાહેરાત કરી : યુક્રેને રશિયન એરક્રાફ્ટ તોડ્યાનો અને રશિયાના ૫૦ જેટલા સૈનિકોને માર્યાનો દાવો કર્યો, યુક્રેનના સૈનિકોની શરણાગતિનો રશિયાનો દાવો**











મોસ્કો, તા.૨૪

મિલિટ્રી કમાન્ડના અહેવાલ પ્રમાણે યુક્રેન પર બીજી વખત મિસાઈલ સ્ટ્રાઈક્સ થઈ. રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે સૌથી મોટા સમાચાર આવી રહ્યાં છે કે યુક્રેનના અમુક સ્થળોએ યુક્રેને હથિયારો ત્યજી દીધા છે. સૈનિકોએ પાસે શસ્ત્ર-સરંજામ ખૂટી પડતા અને સામે પક્ષે રશિયા તરફથી ભારે લડત મળતા અમુક શહેરોમાં યુક્રેન સેનાએ શરણાગતિ સ્વીકારી હોવાના અહેવાલ વહેતા થયા છે. આરટી.કોમના હવાલે રશિયાએ દાવો કર્યો છે કે યુક્રેનના સૈનિકો શરણાગતિ સ્વીકારી રહ્યાં છે. અમારો આશય નરસંહારનો નથી અને આ વાત પર મક્કમ છીએ. યુક્રેને ભારત પાસે માગી મદદ , વડાપ્રધાન મોદી રશિયાના વડા સાથે વાત કરે તેવી કરી માગ કરી હોવાના અહેવાલ છે. યુક્રેનના રક્ષામંત્રીએ લોકોને સેનામાં સામેલ થવા માટે વિનંતી કરી. આ ઉપરાંત યુક્રેન સરકાર માજી સૈનિકોને પણ હથિયાર આપશે. રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે સૌથી મોટા સમાચાર આવી રહ્યાં છે કે યુક્રેનના અમુક સ્થળોએ યુક્રેને હથિયારો ત્યજી દીધા છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિને યુક્રેન સાથે જંગનુ એલાન કર્યા બાદ રશિયન આર્મી યુક્રેન પર ફરી વળવા માટે તૈયાર છે. સામે પક્ષે રશિયા તરફથી ભારે લડત મળતા અમુક શહેરોમાં યુક્રેન સેનાએ શરણાગતિ સ્વીકારી છે. પુતિને ભલે દાવો કર્યો હોય કે યુક્રેનના આમ નાગરિકોને અમે ટાર્ગેટ નથી કરી રહ્યા પણ યુક્રેનના લોકોને નુકસાન થઈ રહ્યુ છે. રશિયાએ યુક્રેનના ૧૧ શહેરો પર હુમલો કર્યો છે.જેમાં રાજધાની કીવ અને બીજુ સૌથી મોટુ શહેર ખારકિવ પણ સામેલ છે.યુક્રેનના ઘણા શહેરોમાં ધડાકા થઈ રહ્યા છે.યુક્રેનના ઓડેસા શહેરમાં સૌથી વધુ નુકસાન થયુ છે. યુક્રેને દેશમાં માર્શલ લો લાગુ કરી દીધો છે.નાગરિકોને અપીલ કરી છે કે, ગભરાવાની જરુર નથી. યુક્રેનના રાષ્ટ્રપતિએ અમેરિકન પ્રમુખ સાથે તેમજ ફ્રાંસ અને તુર્કીના રાષ્ટ્રપ્રમુખો સાથે હુમલાની વચ્ચે વાત કરી છે. રશિયાની સાથે સાથે બેલારુસે પણ યુક્રેન પર હુમલો કર્યો છે.રશિયાના મિસાઈલ્સ યુક્રેન પર વરસી રહ્યા છે. વૈશ્વિક સમુદાયે શાંતિ માટેના અનેક પ્રયાસ કરવા છતાં પણ આખરે રશિયાએ યુક્રેન પર હુમલો શરુ કરી દીધો છે. યુક્રેન સેન્ટ્રલ મિલિટરી કમાન્ડના જણાવ્યા અનુસાર રશિયાએ દેશના કેટલાક એરપોર્ટ્સ પર બોમ્બ વરસાવ્યા છે. જેમાં કિવ, નિકોલાએવ, રામાટોર્સ્ક, ખેરસન જેવા શહેરોમાં આવેલા એરપોર્ટ્સનો સમાવેશ થાય છે. યુક્રેનના ખારકિવ મિલિટરી એરપોર્ટ પર ધૂમાડાના ગોટેગોટા ઉડતા જોઈ શકાયા હતા. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનના જણાવ્યા અનુસાર યુક્રેનના પૂર્વ ભાગમાં આવેલા ડોનબાસ પ્રાંતમાં આઝાદીની માગ કરી રહેલા લોકોને રક્ષણ પૂરું પાડવા મિલિટરી ઓપરેશન શરુ કરવામાં આવ્યું છે.

ભારતીય સમય અનુસાર સવારે છ વાગ્યે પુતિને મિલિટરી

● અનુસંધાન પાન-૭ પર

# યુક્રેન અને રશિયા યુદ્ધમાં દખલ કરનારે પરિણામ ભોગવવા પડશે

**યુક્રેનમાં વિશેષ આર્મી ઓપરેશનની પુતીનની જાહેરાત : પુતિને સ્પષ્ટ કર્યું છે કે રશિયા પોતાની સુરક્ષા માટે કંઈ પણ કરવા તૈયાર છે, રશિયા અને નાટો હવે સામસામે છે**

મોસ્કો, તા.૨૪

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આજે વહેલી સવારે યુક્રેનમાં વિશેષ આર્મી ઓપરેશનની જાહેરાત કરી હતી. આ સાથે, રશિયન સેનાએ યુક્રેનમાં હુમલા શરૂ કર્યા છે. યૂક્રેનની રાજધાની કીવના જુદા જુદ વિસ્તારોમાંથી વિસ્ફોટના વીડિયો અને અવાજ આવી રહ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને પુતિને પરિણામ ભોગવવાની ધમકી આપી છે. બિડેને કહ્યું છે કે આ યુદ્ધ ભયંકર વિનાશ સર્જશે. આ સાથે જ પુતિને કડક ચેતવણી આપી છે અને કહ્યું છે કે જો કોઈ દેશ યુક્રેન-રશિયા યુદ્ધમાં દરમિયાનગીરીની કોશિશ કરશે તો તેના પરિણામ ભયાનક આવશે. પુતિને સ્પષ્ટ કર્યું છે કે રશિયા પોતાની સુરક્ષા માટે કંઈ પણ કરવા તૈયાર છે. પરમાણુ શસ્ત્રોથી સજ્જ રશિયા અને નાટો હવે સામસામે છે. આ દરમિયાન રાષ્ટ્રપતિ પુતિને દેશવાસીઓને સ્પેશિયલ ઓપરેશનના નિર્ણયની જાણકારી



આપી હતી. તેણે ટેલિવિઝન પર એક સંદેશ જારી કર્યો છે. આમાં તેમનું શું કહેવું છે, તમે નીચે ચોક્કસ વાંચી શકો છો.

યુક્રેનમાં રહેતા લોકોને ક્યારેય પૂછવામાં આવ્યું નથી કે તેઓ ક્યાં રહેવા માગે છે અને

● અનુસંધાન પાન-૭ પર

## રશિયાને જવાબ આપવા નાટો દેશ તૈયાર, યુએસની સેના યુક્રેન ભણી

**અમેરિકન સૈનિકો લાતવિયા નામના દેશમાં પહોંચી શકે જ્યાંથી રશિયન સેનાને પાછી ધકેલવાનુ કામ થઈ શકે છે**

વોશિંગ્ટન, તા.૨૪

રશિયાએ યુક્રેન પર આક્રમણ કરી દીધા બાદ હવે નાટો દેશોએ રશિયાને જવાબ આપવા માટેની તૈયારી કરી લીધી છે.

નાટો સંગઠનની બેઠકમાં ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો.ઉલ્લેખનીય છે કે, અમ્રિકાની આગેવાની હેઠળના આ સંગઠનમાં ૩૦ જેટલા દેશો સામેલ છે.નાટો સંગઠનની બેઠક બાદ નિવેદન આપવામાં આવ્યુ હતુ કે, સહયોગી દેશોની રક્ષા માટે અમે કટિબધ્ધ છે. એવુ કહેવાઈ રહ્યુ છે કે, અમેરિકાએ પોતાની સેનાને યુક્રેન તરફ મોકલવાનુ શરુ કરી દીધુ છે.અમેરિકન સૈનિકો લાતવિયા નામના દેશમાં પહોંચી શકાય છે.જ્યાંથી રશિયન સેનાને પાછી ધકેલવાનુ કામ થઈ શકે તેમ છે. જોકે રશિયા પોતાનુ આક્રમણ રોકવા માટે તૈયાર દેખાઈ રહ્યુ નથી.આ સંજોગોમાં નાટો દેશો અને અમેરિકાની દરમિયાનગીરી જ યુક્રેનને રશિયાના હાથમાંથી જતા બચાવી શકે તેમ છે.

## ભારત તટસ્થ, કટોકટીના શાંતિપૂર્ણ ઉકેલની આશા

**રશિયા-યુક્રેન યુદ્ધ પર ભારતનું પ્રથમ નિવેદન : ભારતે યુએનમાં કહ્યું હતું કે, વાતચીત થકી આ વિવાદનો ઉકેલ લવાવો જોઈએ : યુદ્ધ ટળે તે દુનિયા માટે બહેતર હશે**

નવી દિલ્હી, તા.૨૪

રશિયાએ યુક્રેન પર કરેલા આક્રમણની દુનિયાના તમામ મોટા દેશો ઝાટકણી કાઢી રહ્યા છે. અમેરિકા, ફ્રાંસ, બ્રિટેન સહિત દેશોએ આ હુમલો રોકવા માટે રશિયાને સલાહ આપી છે.બીજી તરફ ભારતની પ્રતિક્રિયા પણ સામે આવી છે. ભારતના રાજ્ય કક્ષાના વિદેશ મંત્રી ડો.રાજકુમાર રંજન સિંહે કહ્યુ હતુ કે, ભારત આ મામલામાં ન્યૂટ્રલ છે.

તેમને આ અંગેનો સવાલ પૂછવામાં આવ્યો હતો અને તેમણે મીડિયાને કહ્યુ હતુ કે, ભારત તટસ્થ છે અને આ કટોકટીનો શાંતિપૂર્ણ ઉકેલ આવે તેવી આશા રાખી રહ્યુ છે.

ઉલ્લેખનીય છે કે, ભારતે આ મામલામાં અત્યાર સુધી કોઈની તરફે સ્ટેન્ડ લીધુ નથી.ભારતે તટસ્થ રહેવાની નીતિ અપનાવી છે.ભારતે યુએનમાં પણ કહ્યુ હતુ કે, વાતચીત થકી આ વિવાદનો ઉકેલ લવાવો જોઈએ.યુધ્ધ ટળે તે દુનિયા માટે બહેતર હશે.

બીજી તરફ ચીન પણ રશિયા અને યુક્રેન જંગ અંગે કશુ કહી રહ્યુ નથી.ચીન જોકે આ પહેલા રશિયાના સમર્થનમાં નિવેદન આપી ચુકયુ છે.

## રશિયાને હુમલા કરતા રોકવા યુનોની અપીલ

**યુક્રેન બચાવ કરશે, જીતશે યુક્રેનની નાગરિકોને અપીલ**

મોસ્કો/કીવ, તા.૨૪

યુક્રેનની સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે રશિયાએ યુદ્ધની જાહેરાત કરી દીધી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને આ જાહેરાત કરી. આ બાજુ સંયુક્ત રાષ્ટ્રએ પુતિનને યુદ્ધ રોકવાની અપીલ કરી છે.

યુનોએ કહ્યું કે રશિયા પોતાના સૈનિકોને હુમલા કરતા રોકે. પુતિનની સૈન્યકાર્યવાહીના આદેશ બાદ યુક્રેનમાં અનેક ઠેકાણે ધડાકા સંભળાયા છે. યૂક્રેનની રાજધાની કીવ પર તો ક્રૂઝ અને બેલિસ્ટિક મિસાઈલોથી હુમલા થયાના મીડિયા રિપોર્ટ્સ છે. પુતિને સૈન્ય કાર્યવાહીની જાહેરાત કરતા ધમકી પણ આપી કે કોઈ આ મામલે હસ્તક્ષેપ ન કરે, નહીં તો પરિણામ ખરાબ આવશે.

યુક્રેનના વિદેશ મંત્રાલયે દુનિયાભરમાં રહેતા યુક્રેની નાગરિકોને કહ્યું છે કે પુતિને હુમલો કર્યો છે. પરંતુ કોઈ ભાગી રહ્યું નથી. આપણી સેના અને રાજનયિક બધા કામ કરી રહ્યા છે. યુક્રેન લડી રહ્યું છે. યુક્રેન પોતાનો બચાવ કરશે. યુક્રેન જીતશે.

રશિયાએ યુક્રેનના થર્મલ પ્લાન્ટ પર મોટો ધડાકો કર્યો છે. આ સાથે જ યુક્રેનના ઈબાનોમાં પણ મિસાઈલ છોડી છે.

યુક્રેનના અધિકારીઓનું કહેવું છે કે તેમના દેશ પર સાઈબર એટેક પણ થઈ રહ્યા છે.

જય મહાદેવ **શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)** જય પરશુરામ

સ્થાપના -૧૯૮૭ આદ્યસ્થાપક સ્વ.પ્રહલાદભાઈ શુક્લ રજી.નં. : ૧૮૧૬ બીજ વી-૧૩૨૫ તા.૭-૧૨-૨૦૧૭ (ઓલ ઈન્ડિયા)

(ગાંધીનગર શહેર)

નવ નિયુક્ત હોદ્દેદારશ્રીઓને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ...



શ્રી યજ્ઞેશ દવે, ટ્રસ્ટી શ્રી, મો. ૯૭૨૪૦ ૫૦૦૦૦
શ્રી ભરતભાઈ રાવલ, પ્રદેશ પ્રમુખશ્રી, મો. ૯૬૮૭૪૨૩૨૪૨
શ્રી અમિતભાઈ દવે, મહામંત્રી, મો. ૯૪૨૬૦ ૮૮૪૮૪
શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી, મુખ્ય સંગઠક, મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
શ્રી દિનેશ રાવલ, મીડિયા કન્વીનર, મો. ૯૮૯૮૩ ૫૨૬૭૩
શ્રી સુનિલભાઈ એમ. ત્રિવેદી, પ્રમુખશ્રી, મો. ૯૮૨૫૭ ૮૭૬૩૮

**ઉપ પ્રમુખ**
- વિપુલભાઈ ઠાકર
- બિપીનભાઈ એલ. રાવલ
- મુકેશકુમાર ડી. જાની
- મનીષભાઈ આર. ત્રિવેદી
- સુનિલ આર. મહેતા
- સુરેશભાઈ મહેતા
- સમીર એસ. ત્રિવેદી

**મહામંત્રી**
- કલ્પેશ આર. જોષી
- મનીષ એચ. જાની

**સહ મંત્રી**
- નિશાંત એસ. ઠાકર
- મૃગેશ એ. રાવલ
- વર્શીલભાઈ જે. શુક્લ
- યોમેશભાઈ દીક્ષીત

**સંગઠન મંત્રી**
- ઘનશ્યામભાઈ ડી. ત્રિવેદી
- દીપકભાઈ જી. વ્યાસ

**ખજાનચી**
- વસંતકુમાર આર. વ્યાસ
- ચંદ્રકાન્ત પી. રાવલ (સહ ખજાનચી)

**પ્લાનીંગ અને ડેવલોપમેન્ટ**
- વિક્રાન્ત પુરોહિત (બિલ્ડર)
- રૂદ્રેશ આર. મહેતા

**સમૂહ લગ્ન અને યજ્ઞો પવિત્ર**
- મનન એન. વ્યાસ (કન્વીનર)

**લીગલ સેલ**
- શ્રી બી.આર.શર્મા (એડવોકેટ)
- નીલેશકુમાર આર. પંડ્યા

**યોગ શાખા**
- રમેશચંદ્ર આઈ. પંડ્યા (કન્વીનર)

**મીડિયા સેલ**
- જૈમીન શુક્લ
- હરેશ સી. પંડ્યા
- રાકેશ કે. જાની

**એમ્પ્લોયમેન્ટ સેલ**
- નીરવ મહેતા

**સાંસ્કૃતિક આઈ.ટી.સેલ**
- દેવ્યાંગ ત્રિવેદી

**એજ્યુકેશન સેલ**
- રાજેન્દ્રકુમાર જી. જોષી

**મીડિયા સેલ**
- જૈમીન શુક્લ
- રાકેશ કે. જાની
- દેવેન આર. પંડ્યા

**માર્ગદર્શક મંડળ શહેર-જીલ્લો**
- મહંત સુનિલદાસજી બલરામદાસજી

**સાંસ્કૃતિક સેલ**
- ભાવિકકુમાર વી. રાવલ

**એમ્પ્લોયમેન્ટ સેલ**
- હરેશભાઈ પંડ્યા
- નિરવ મહેતા

**પ્રચાર પ્રસાર- જનસંપર્ક**
- શ્રી લાભશંકર એમ. જોષી

**સલાહકાર**
- મહેન્દ્રભાઈ એસ. ત્રિવેદી (માજી ગૃહ મંત્રી)
- દિનેશભાઈ કે. વ્યાસ
- ચંદ્રકાન્તભાઈ એલ. મહેતા
- પ્રમોદભાઈ જી. દવે
- અરવિંદભાઈ બી. કનાડા
- ગીરીશભાઈ ભટ્ટ

**સીનિયર સીટીઝન**
- જીતેન્દ્રભાઈ ત્રિવેદી (કન્વીનર)
- ચિંતનકુમાર એ.વ્યાસ (આંતરીક ઓડીટર)

**કારોબારી સભ્ય**
- નિકુંજ સી. શુક્લ
- પંકજ આર. રાવલ
- જગદિશભાઈ એન. દવે
- હર્ષદભાઈ આચાર્ય
- અમરીશ રાવલ

**વોર્ડ પ્રમુખ**
- કશ્યપ દવે (વોર્ડ નં.૯)
- નિશાંતભાઈ જાની (વોર્ડ નં.૮)
- રવિ પંડ્યા (વોર્ડ નં.૧૦)
- વિપુલ ત્રિવેદી (વોર્ડ નં.૧૧)
- અશોકભાઈ ત્રિવેદી (પ્રમુખ, સે.૨૪)
- ધવલ દવે (મંત્રી, કુડાસણ)
- હીરલ બી.પંડ્યા (સેક્ટર : ૨ પ્રમુખ)
- નૈનેષભાઈ ભટ્ટ (વોર્ડ નં.૨ પ્રમુખ)
- રાજ મહેશભાઈ ત્રિવેદી (વોર્ડ નં.૧ પ્રમુખ)
- અજય ભરતકુમાર રાવલ (વોર્ડ નં.૩ પ્રમુખ)

**મેટ્રી મોનિયલ સેલ**
- કીરીટભાઈ ઉપાધ્યાય

નોંધ : બ્રહમસમાજ ગાંધીનગર જિલ્લા અને તાલુકાઓમાં બ્રહમસમાજ કમીટીની રચના કરવાની છે. તો તેઓએ સુનિલ ત્રિવેદી (મો.૯૮૨૫૭૮૭૬૩૮) પર સંપર્ક કરવા વિનંતી.

**શુભેચ્છકો**
જોષી કલ્પેશભાઈ રસિકલાલ (મહામંત્રી, ગાંધીનગર)
મનીષભાઈ હર્ષદરાય જોષી (મહામંત્રી, ગાંધીનગર)
રજનીભાઈ પટેલ (પ્રદેશ મહામંત્રી, માજી. ગૃહમંત્રી)
અમીતભાઈ ઠાકર (આણંદ પ્રભારી, ભા.જ.પા.)
મોહનભાઈ પટેલ (ગાંધીનગર પ્રભારી,ભા.જ.પા.)
રૂચિરભાઈ ભટ્ટ (ગાંધીનગર શહેર પ્રમુખ, ભા.જ.પા.)
અનીલભાઈ એ. પટેલ (ગાંધીનગર જીલ્લા પ્રમુખ, ભા.જ.પા.)